|| ધર્મો રક્ષતિ રક્ષિતઃ ||
|| શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-ચન્દ્રશેખર-વિમલકીર્તિ ગુરૂભ્યો નમઃ ||



# તપોવન પર્યુષણ આરાધના

(અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ - અમદાવાદ અને સુરત)

દિવ્ય આશિષદાતા

યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પં.પ્રવર **શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સાહેબ "ગુરુમા"**

માર્ગદર્શક

સંસ્કરણશિલ્પી બંધુબેલડી પૂ.આ.ભ. **શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સાહેબ** • પૂ.આ.ભ. **શ્રી ભવ્યકીર્તિસૂરીશ્વરજી મ.સાહેબ**

## શ્રી મહાવીર વંદનાવલી

### પ્રભુનું નામ

જે ચરમ તિર્થંકર મહાવીર સિંહ લંછન શોભતા,
નિત બાહ્ય અભ્યંતર સ્વરુપે વર્ધમાન ગુણે હતા,
સવિજીવની કરણાથી કરતા શ્રમણ ધર્મની સ્થાપના
તે જ્ઞાતનંદન વીરના, ચરણે કરૂ હું વંદના... (1).

### સમકિત સ્પર્શ

નયસાર થઈ મુનિદાન દઈ, જે અટવી મારગ દાખતા,
ભવ અટવીમાં સન્માર્ગસમ, તવ મોક્ષ મારગ પામતા,
ભવસિંધુને બિંદુ કરે, પ્રભુ પામી સમકિત સ્પર્શના,
ભવસિંધુ શોષક વીરના ચરણે કરૂ હું વંદના... (2)

### પ્રભુનો ભવ

મરીચિભવે જે રુષભજિનના પૌત્ર થઈ દીક્ષા વરે,
મહામોહવશ થઈને તિહાં, સંસાર સંવર્ધન રે,
કરે કર્મ ક્રૂર કદર્થના, તો પણ ડગે લવલેશ ના,
તે કર્મ વૈરી વીરના ચરણે કરું હું વંદના...(3)

બ્રાહમણ અમર વળી વાસુદેવ ને ચક્રવર્તી જે થતા,
ભવસાગરે ભમતા થકા, નિજ ગાઢ કર્મ ખપાવતા,
બાવીસમાં ભવથી કરે, અધ્યાત્મની આરાધના,
અધ્યાત્મયોગી વીરના, ચરણે કરું હું વંદના... (4)

### પ્રભુની ભાવના

નંદનભવે સવિ જીવ કરું, શાસનરસી ભાવોથકી,
જે વીશસ્થાનક સાધતા, માસક્ષમણ શ્રેણિથકી,
કરે વિશ્વના વાત્સલ્યથી, જિન નામકર્મ નિકાચના,
તે વિશ્વવત્સલ વીરના, ચરણ કરું હું વંદના,... (5)

સુરલોકથી ચ્યવી ચૌદ વિપ્રકુલમાં એ આવતા,
હરિણીગમૈષી દેવ તવ, ક્ષત્રિય કુલમાં થાપતા,
જગમાત ત્રિશલા કુક્ષિએ, ગૃહે ઠવે સિદ્ધાર્થના,
પરમશ્રેષ્ઠી શ્રી પ્રભુ વીરના, ચરણે કરું હું વંદના.... (6)

### જન્મ કલ્યાણક

જે માતગર્ભે થિર રહી, ફરી અંગને ફરકાવતા,
ને ચૈત્ર સુદની તેરસે, જનમી જગત હરખાવતા,
દિક્કુમરી ને ઈન્દ્રો મહોત્સવ ઉજવતા જસ જન્મના,
અરિહંત શ્રી પ્રભુ વીરના, ચરણે કરું હું વંદના,... (7)

### બાલ્યકાળ

જન્મોત્સવે અંગુષ્ટથી, મેરુગિરિ કંપાવતા,
ને સુરપરીક્ષામાં પ્રભુ, મહાવીર નામ ધરાવતા,
ગંભીર થઈ, નિશાળ જઈ, સંશય હર્યા શક્રેન્દ્રના,
ત્રણજ્ઞાનધારક વીરના, ચરણે કરું હું વંદના...(8)

### ગૃહવાસ

નિજ માતના આગ્રહથી પરણી ભોગકર્મ નિવારતા,
શિવરાજ્ય લેવા ભ્રાતની, મહારાજ્ય વિનતિ ટાલતા,
કરે બે વરસ ગૃહવાસમા, જે શ્રમણની સમ સાધના,
તે વિરતિપ્રેમી વીરના ચરણે કરું હું વંદના... (9)

### દીક્ષા કલ્યાણક

લોકાંતિકોનાં વચનથી, મહાવરસીદાનને આપતા,
ભવિજીવના તન મનતણા, દુઃખ દર્દને જે કાપતા,
દીક્ષા ગ્રહી એકાકી વિચરે સિંહ સમ નિર્ભયમના,
જગનાથ તે પ્રભુવીરના, ચરણે કરું હું વંદના... (10)

### પ્રથમ ઉપાસના

કરૂણા કરી નિજ અર્થવસ્ત્રનું દાન વિપ્રને આપતા,
કર્માર ગ્રામે પ્રથમ સંધ્યામાં પ્રભુવર આવતા,
ગોવાલના ઉપસર્ગની કરે ઇન્દ્ર આવી નિવારણા,
ષટ્કાય રક્ષક વીરના ચરણે કરું હું વંદના... (11)

### ઈન્દ્રવિનંતી

દ્વાદશ વરસની સાધનામાં ઘોર ઉપસર્ગો અતિ,
તમને થશે, તે વારવા, સાથે રહું દ્યો અનુમતિ,
નિર્વિઘ્ન હો તુમ સાધના ઈમ વચન સુણતાં ઈંદ્રના,
દેવાધિદેવા વીરના, ચરણે કરું હું વંદના... (12)

## પ્રત્યુત્તર
કૈવલ્ય લક્ષ્મીને વરે, અર્હત્ પણ નિજ બલ વડે,
પરના બળે મુક્તિ મળે, તસ દાખલા પણ ના જડે,
ઉત્તર સુણી સિદ્ધાર્થ સુરની ઇંદ્ર કરતા સ્થાપના,
નિરપેક્ષ પ્રભુ વીરના ચરણે કરું હું વંદના... (13)

## પ્રથમ પારણા
ગ્રહી પાત્રમાં પરમાન્ન ને, કરે છઠ્ઠ તપના પારણા,
તવ સુરભિ શરીરે દંશ દેતા ભ્રમરના વૃંદો ઘણા,
કામુક બની સ્ત્રીયો કરે, તુજ અંગ સંગની યાચના,
નિષ્કામ પ્રભુવર વીરના, ચરણે કરું હું વંદના...(14)

## પ્રભુની જગત્વબંધુના
ઘરે પંચ અભિગ્રહ વિવિધ તાપસ આશ્રમે ચૌમાસમાં,
શૂલપાણિના ઉદ્ગાર કાજે આવે અસ્થિક ગ્રામમાં,
નિષ્કારણે બાંધવ સમા, ભંડાર જે કરુણા તણા,
તે જગતબંધુ વીરના, ચરણે કરું હું વંદના... (15)

## શૂલપાણિ ઉપસર્ગ
શૂલપાણિ સુર રોષે ભરી, મરણાંત ઉપસર્ગો કરે,
હાથી પિશાચ ને સર્પ રુપે દેહમાં પીડા કરે,
સમભાવ નિરખી આપનો, થઈ ભક્ત કરતો સેવના,
સમભાવધારક વીરના ચરણે કરું હું વંદના... (16)

## પરાય વ્યસનતા
સામેથી ચાલી ઘોર વનમાં ચંડકૌશિક નાગના,
ઉપસર્ગને સહી, બોધ આપી, સુખ આપ્યા સ્વર્ગના
અપકારી પર ઉપકાર કરવાના વ્યસન જેને ઘણા
પરમોપકારી વીરના, ચરણે કરું હું વંદના... (17)

## સુદંષ્ટ્ર ઉપસર્ગ
ગંગાનદીનાં આપને સુદંષ્ટ્ર ઉપસર્ગો કરે,
કંબલ અને સંબલ સુરો, તસ આવીને વારણ કરે,
આરક્ષકો તને ચોર સમજીને કરે વિડંબના,
સર્વસહા પ્રભુ વીરના, ચરણે કરું હું વંદના... (18)

## પ્રભુની સમતા
કરવા કરમની નિર્જરા, અનાર્ય દેશ પધારતા,
ઉપસર્ગની વણઝારમાં, સમતા સુધાએ ઝીલતા,
અદ્ભુત સમાધિથી સહે, મરણાંત પણ કષ્ટો ઘણા,
સમતાનિધિ પ્રભુવીરના, ચરણે કરું હું વંદના... (19)

## લોકાવધિજ્ઞાન
નિજ કર્મઈધન બાળતા, દાવાનલે રહી થિરમના,
હિમરાતભર અતિ શીત જલવૃષ્ટિ કરે કટપૂતના,
સુવિશુદ્ધ ભાવે પામતા, તવ જ્ઞાન લોકાવધિ તણા,
નિજકર્મશોધક વીરના, ચરણે કરું હું વંદના... (20)

## ઈન્દ્રપ્રસંશા
જે શીતલેશ્યાને મુકી, ગોશાલને ઉપકારતા,
જસ સાધનાને ઇંદ્ર પણ, સુરલોકમાં પરશંસતા,
તેને સુણી સંગમ સુરે, કરી આપની સુપરીક્ષણા,
મોક્ષૈકલક્ષી વીરના, ચરણે કરું હું વંદના... (21)

## સંગમ ઉપસર્ગ
મહાકાલ સમ જે એક રાત્રે વીશ ઉપસર્ગો કરે,
વળી કાળચક્ર મુકી તમો પર ક્રોધથી અતિ વિફરે,
તોપણ ચલ્યા નવિ ધ્યાનથી, ધરી કર્મનાશની ભાવના,
અતિ ધીર શ્રી પ્રભુ વીરના, ચરણે કરું હું વંદના...(22)

## પ્રભુની કરૂણા
ષડમાસ પીડા ભોગવે, પણ રોષ નવિ મનમાં ધરે,
સંગમ સરીખા અધમ પર, અશ્રુથકી કરુણા કરે,
જસ ચરણશરણે આવતા, સાવી ભય ટળે ચમરેંદ્રના
કરુણાનિધિ પ્રભુવીરના ચરણે કરું હું વંદના...(23)

## પ્રભુનો અભિગ્રહ
જે દ્રવ્ય- ક્ષેત્ર કાલ –ભાવે, ઘોર અભિગ્રહને ધરી,
પંચમાસ પચવીશ દિવસનાં, અતિ દીર્ઘ તપને આદરી,
વ્હોરી ઉડદના બાકુલા, ઉદ્ધારી બાલા ચંદના,
અભિગ્રહધરા પ્રભુવીરના, ચરણે કરું હું વંદના... (24)

## શૂલ વેદના
શત્રુ બની આવેલને, જે મિત્રની સમ માનતા,
જિમજિમ પડે કષ્ટો ઘણા, તિમતિમ અતિશય હરખતા,
જે સ્તંભ સમ નિશ્ચલ રહી, સહે કર્ણશૂલની વેદના,
તે શ્રમણ પ્રભુ મહાવીરના, ચરણે કરું હું વંદના... (25)

## પ્રભુની સાધના
ભારંડા પંખી સારીખી, ધારે સદા અપ્રમત્તતા,
જે ભીષ્મતપ દાવાનલે, મહાકર્મવનને બાલતા
કરે સાર્થદ્વાદશ વર્ષમાં, મુહૂર્તનો ય પ્રમાદ ના,
અપ્રમત્તયોગી વીરના ચરણે કરું વંદના... (26)

## કૈવલ્યજ્ઞાન કલ્યાણક

તડકો તપે અતિ આકરો, વૈશાખ સુદિ દશમી દિને,
રૂજુવાલિકા સરિતા તીરે, ગોદોહિકા વર આસને,
પ્રગટે સૂરજ કૈવલ્યનો, ભાવો નિહાળે વિશ્વના,
સર્વજ્ઞ શ્રી પ્રભુવીરના ચરણે કરું હું વંદના... (27)

## સંઘ સ્થાપના

ક્ષણ વાર આપી દેશના, પાવાપુરી કરે સ્પર્શના,
ગૌતમ સુધર્માદિ ઠવે, ગણધર પદે શ્રી સંઘના,
વૈશાખ સુદિ અગ્યારશે, કરે ધર્મતીર્થની સ્થાપના,
તીર્થંકરા પ્રભુવીરના, ચરણે કરું હું વંદના... (28)

## પ્રભુની તારકતા

જે બાળ અઈમુત્તા સમાં, બહુ ભવ્ય જીવો તારતા,
શ્રેણિક આદિ નવજીવોને ભાવિ જિનપદે થાપતા,
ક્ષણનો પ્રમાદ તજો સદા, એવી સતત જશ પ્રેરણા,
તે વિશ્વતારક વીરના, ચરણે કરું હું વંદના... (29)

## અતિશય

બની ધર્મસારથી મેઘને, જે ધર્મમાર્ગે વાળતા,
વળી દેવાનંદા ઋષભદત્તને વિરતિ દઈ શિવ આપતા,
જસ નામ જપતા, પાપ ખપતા, ઘાતકી અર્જુનતણા,
તે ધર્મચક્રધર વીરના ચરણે કરું હું વંદના, (30)

તુજ ધર્મલાભને સાંભળી, સુલસા લહે રોમાંચતા,
ખેડૂત અને ગોશાળાને સમકિત સુધારસ આપતા,
રોહિણીયો તુજ વચનથી, હરે કર્મ નિજ આતમતણા,
સન્માર્ગદર્શક વીરના, ચરણે કરું હું વંદના, (31)

તુજ રુપ જોવા મૂળ રૂપે રવિ શશિ પણ આવતા,
ધન્ના ને શાલિભદ્ર પણ, તુજ પદ કમલને સેવતા,
આનંદ કામાદિક મહાશ્રાવક થયા તવ સંઘના,
ત્રિભુવનતિલક પ્રભુ વીરના, ચરણે કરું હું વંદના, (32)

નિજ અંત સમયે આપતા, જે સોળપ્રહરની દેશના,
કહે ભાવિ ભાવો ભરતનાં, ફ્લ પુણ્ય પાપ તણા ઘણાં,
દૂર મોકલી ગૌતમ તણા, કરે દૂર બંધન રાગના,
જગભાવિદર્શક વીરના ચરણે કરું હું વંદના (33)

## નિર્વાણ કલ્યાણક

ગ્રહભસ્મદોષ નિવારણાર્થે ઇંદ્ર પ્રભુને પ્રાર્થતા,
નવિ સંભવે ત્રણ કાળમાં, કહી વીર મોક્ષ સિધાવતા,
આ ભાવદીપક બુઝતા, પ્રગટી દીવાળી અમાસના,
પારંગતા પ્રભુ વીરના, ચરણે કરું હું વંદના, (34)

ક્ષત્રિયકુંડે અવતર્યા, પાવાપુરી ભવજલ તર્યા,
નાણા દિયાણા નાંદિયા, જીવિત સ્વામી વાંદિયા,
સાંચોર મહુવા ઓસિયા, તીર્થો જગે તારાં ઘણા,
તીર્થેશ્વરા પ્રભુ વીરના, ચરણે કરું હું વંદના... (35)

કલિકાળમાં પણ જેહનું, શાસન સદા ગાજી રહ્યું.
ખારા સમંદરમાંહી મીઠા જલ સમુ શોભી રહ્યું,
જે સુરતરુ સમ આજ પણ, પૂરે સહુની કામના,
શાસનપતિ પ્રભુવીરના, ચરણે કરું હું વંદના...(36)

## ઉપસંહાર

જેના ચરિતના શ્રવણથી, આવે જીવનમાં ધીરતા,
કર્મોતણા સંગ્રામમાં, પ્રગટે સદા મહાવીરતા,
હે વીર તુજ ગુણ હીર સવિ જીવો લહે એ ઝંખના,
મુજ પ્રાણપ્યારા વીરના, ચરણે કરું છું વંદના, (37)

### "ઈતિ શ્રી મહાવીર વંદનાવલી" સંપૂર્ણમ્

## પ્રભુ પાર્શ્વનાથ

સેવકમુખે નવકાર દઈ,જે નાગને ઉગારતા,
જસ નામથી નિશ્ચય સવિ, મરણે સમાધિ પામતા,
જે કમઠ ને ધરણેન્દ્રમાં, રાખે સદા સમભાવના,
શ્રી પુરષાદાની પાર્શ્વના, ચરણે કરું હું વંદના...(38)

## પ્રભુ નેમનાથ

રાજીમતિના કંતને, વળી બંધુ જે શ્રી કૃષ્ણના,
પોકાર પશુઓના સુણી, શિખરે ચઢયાં ગિરનારના,
શાશ્વત કરે જે મોક્ષમાં, સંબંધ નવ ભવ પ્રીતના,
મહાબ્રહ્મચારી નેમિના, ચરણે કરું હું વંદના... (39)

## પ્રભુ આદિનાથ

આ પૃથ્વીના પહેલા પતિ, મુનિરાજ ને જિનરાજ જે,
કર્તવ્ય જાણીને સિખાવે લોકના વ્યવહાર જે,
મહાવર્ષીતપને આદરી, પ્રેરક બન્યા તપધર્મના,
તે પ્રથમજિન પ્રભુ ઋષભના,ચરણે કરું હું વંદના...(40)

## 24 જિનનું અંતર

આરક ચતુર્થે અર્ધભાગે ઋષભજિન શાસન રહે,
બાકી અસંખ્ય વરસમહી, ત્રેવીસજિન શાસન વહે,
મહાસાર્થવાહ સમા બતાવે માર્ગ જે શિવનગરના,
મારા શ્રી જિન ચોવીશના, ચરણે કરું હું વંદના.. (41)

### પટ્ટાવલી

દીર્ઘાયુષી સુધર્મસ્વામી વીર પાટે આવતા,
તસ શિષ્ય જંબુસ્વામી ભરતે કેવલી અંતિમ થતા,
શતપંચ ચોર પ્રભુ પ્રભવને જે દીયે પ્રતિબોધના,
હે વીર! તુજ અણગારના, ચરણે કરું હું વંદના... (42)

શય્યભવ સ્થૂલભદ્ર વજસ્વામી નિર્મલ ગુણ ભર્યા,
દેવર્દ્ધિગણિ શ્રમણો તણી, સુપરંપરાએ અવતર્યા,
વલ્લભીપુરીની વાચનામાં સૂત્રની કરે લેખના,
શાસનતણા શણગારના, ચરણે કરું હું વંદના... (43)

### સામાચારી

ગુરઆણથી ચૌમાસ રહીને પવન સમ જે વિચરતા,
સંબંધ છોડે લોકનો, ને શ્લોકમાં જે રાચતા,
સહુને ખમાવે શુદ્ધભાવે મૂળકાપે કર્મના,
શાસનતણા શણગારના, ચરણે કરું હું વંદના... (44)

સુરકલ્પતરું સમ કલ્પસૂત્રની સંઘમાં હો વાચના,
આલોક ને પરલોકમાં, પૂરે સવિ મનકામના,
પ્રભુવીરની ગુણ રશ્મિથી હીર ઝળહળે આતમતણા,
શ્રી કલ્પસૂત્ર સુગ્રંથને હો ભાવથી મુંજ વંદના...
શ્રી બારસા મહાસૂત્રને, હો ભાવથી મુજ વંદના... (45)

**"ઈતિ શ્રી કલ્પસૂત્ર વંદનાવલી" સંપૂર્ણમ્**


Tapovan Youth Alumni Group **(TYAG)** વતી...

નિહાર ભણસારીઃ **+91 94277 17408** હેમંત પંચાલઃ **+91 94293 89486** મિત શાહઃ **+91 99986 17750** સમકિત ચાવાલાઃ **+91 93747 18345**

paryushan.guruma@gmail.com

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ, ધારશી સંસ્કૃતિ ભવન, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદનગર પોસ્ટ ઓફિસની નજીક, ભટ્ટા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭



GRAPHICULTURE 70487 55580